## તા. ૧૬-૦૨-૨૦૨૪ (ચોથો દિવસ) :

## ઉધોગ અને ખાણ વિભાગ

**માંગણી ક્રમાંક : ૪૯ : ઉદ્યોગ**

**માનનીય અધ્યક્ષ શ્રી,**

**હું ઉદ્યોગ વિભાગને લગતી**

**મહેસુલી ખર્ચ માટેની રૂ. ૫૫,૨૯,૩૬,૦૦,૦૦૦ (પંચાવનસો ઓગણત્રીસ કરોડ છત્રીસ લાખ) અને**

**મૂડી ખર્ચ માટેની રૂ.૮,૦૪,૪૦,૦૦,૦૦૦ (આઠસો ચાર કરોડ ચાલીસ લાખ) ની માંગણી ક્રમાંક - ૪૯ રજૂ કરું છું.**

------------------------------------------------------------------------------------------

**માંગણી ક્રમાંક : ૫૦ : ખાણ અને ખનીજ**

**માનનીય અધ્યક્ષ શ્રી,**

હું ખાણ અને ખનીજ વિભાગને લગતી

**મહેસુલી ખર્ચ** માટેની **રૂ. ૨,૯૧,૯૮,૦૦,૦૦૦ (બસો એકાણું કરોડ અઠ્ઠાણું લાખ)** અને **મૂડી ખર્ચ** માટેની **રૂ.૧૧,૦૦,૦૦,૦૦૦ (અગિયાર કરોડ )** ની **માંગણી ક્રમાંક - ૫૦** રજૂ કરું છું.

------------------------------------------------------------------------------------------

### શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

**માંગણી ક્રમાંક : ૫૭ : શ્રમ અને રોજગાર**

**માનનીય અધ્યક્ષ શ્રી,**

હું શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગને લગતી

**મહેસુલી ખર્ચ** માટેની **રૂ. ૧૫,૫૬,૫૦,૦૦,૦૦૦ (પંદરસો છપ્પન કરોડ પચાસ લાખ)** અને

**મૂડી ખર્ચ** માટેની **રૂ.૫,૦૩,૭૪,૦૦,૦૦૦ (પાંચસો ત્રણ કરોડ ચુંમોતેર લાખ)** ની **માંગણી ક્રમાંક - ૫૭** રજૂ કરું છું.

**તા. ૧૬-૦૨-૨૦૨૪ (ચોથો દિવસ) :**

**મહેસૂલ વિભાગ**

**માંગણી ક્રમાંક : ૭૮ : જિલ્લા વહીવટ**

**માનનીય અધ્યક્ષ શ્રી,**

હું મહેસૂલ ઉદ્યોગ વિભાગને લગતી

**મહેસુલી ખર્ચ** માટેની રૂ. **૯,૮૨,૨૧,૦૦,૦૦૦ (નવસો બ્યાસી કરોડ એકવીસ લાખ)** અને **મૂડી ખર્ચ** માટેની રૂ.**૧૨,૨૫,૦૦,૦૦૦ (બાર કરોડ પચ્ચીસ લાખ)** ની **માંગણી ક્રમાંક - ૪૯** રજૂ કરું છું.

---

**માંગણી ક્રમાંક : ૭૯ : કુદરતી આફતો અંગે રાહત**

**માનનીય અધ્યક્ષ શ્રી,**

હું મહેસૂલ વિભાગને લગતી

**મહેસુલી ખર્ચ** માટેની રૂ. **૨૭,૦૯,૬૩,૦૦,૦૦૦ (સત્યાવીસો નવ કરોડ ત્રેસઠ લાખ)** અને **મૂડી ખર્ચ** માટેની રૂ. **૨,૦૪,૭૭,૦૦,૦૦૦ (બસો ચાર કરોડ સિત્યોતેર લાખ)** ની **માંગણી ક્રમાંક - ૫૦** રજૂ કરું છું.

## ઉદ્યોગ વિભાગ : માંગણી ક્રમાંક : ૪૯

માનનીય અધ્યક્ષશ્રી,

- **ગુજરાતમાં ઉદ્યોગ** અને **ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાત** એ આજના ભારતમાં અભ્યાસ અને ચર્ચાનો વિષય બન્યો છે. **વિકાસ એ હવે ગુજરાતનો મિજાજ બન્યો છે** અને **જન સુખાકારી તથા જન કલ્યાણના કાર્યો** થકી ગુજરાતે ઉત્તમ સ્થિતિ હાંસલ કરી છે.
- આ કંઈ એક દિવસમાં થયેલું પરિવર્તન નથી. ગુજરાતને આ સ્થિતિમાં લાવવાનો અને **"વિકસિત ગુજરાત" થકી "વિકસિત ભારત"ની** કલ્પના જેમણે કરી છે, તેવા આપણા આ **ગૃહના પૂર્વનેતા અને આપણા દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને તેનો યશ જાય** છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- એક સમય હતો કે, જ્યારે ગુજરાત સાથે ઓરમાયુ વર્તન કરવામાં આવતું હતું. **ભારતના પશ્ચિમ છેડે આવેલું આ રાજ્ય વિકાસની અનેક તક ધરાવતું** હોવા છતાં રાજનૈતિક કારણોસર વિકાસને રૂંધવાના અનેક પ્રયાસો કરવામાં આવતા હતા.

માનનીય અધ્યક્ષ શ્રી,

- ગૃહના તમામ સભ્યો,..... ભલે તેઓ ગમે તે પક્ષના હોય, પરંતુ તેમણે એક વાત તો સ્વીકારવી રહી જ કે, ગુજરાતની **વર્તમાન ઔદ્યોગિક વિકાસ યાત્રાના એકમાત્ર પ્રણેતા** એ ભારતના હાલના **વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ છે** અને આપણે સૌએ આ માટે તેમનો **આભાર** વ્યક્ત કરવો જોઈએ. તેમણે આપણી અને આવનારી પેઢીઓ માટે **એક સમૃદ્ધ, વિકસિત અને આધુનિક ગુજરાતની** કલ્પનાને સાકાર સ્વરૂપ આપ્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- **હું સૌ પ્રથમ ગુજરાતના માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાણાંમંત્રીશ્રી કનુભાઈ પટેલ સાહેબને અભિનંદન આપું છું કે, ગુજરાતની જનતાની સેવા અને ગુજરાતના વિકાસ માટે રૂપિયા ૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડ રૂપિયાનું ઐતિહાસિક બજેટ રજૂ કર્યું છે.** એમાં પણ ખાસ કરીને વાત કરું તો,

- **ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે રૂપિયા ૯૨૨૮ કરોડ**,
- **મહેસૂલ વિભાગ માટે રૂપિયા ૫૧૯૫ કરોડ**,
- **શ્રમ અને રોજગાર માટે રૂપિયા ૨૬૫૯ કરોડ ની જોગવાઈઓ કરી છે**.

**માનનીય અધ્યક્ષ શ્રી,**

- જ્યારે આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબે **ગુજરાતની ધૂરા સંભાળી ત્યારે ઉધોગની સ્થિતિ આજના સમયની સરખામણીમાં નબળી હતી**.
- તેમણે **ભૌગોલિક સ્થિતિ**, **કુદરતી સંસાધનોની ઉપલબ્ધતા**, **સ્થાનિક ઉધોગોની ક્ષમતા**, **આયાત-નિકાસની સ્થિતિ**, **રાજ્યની ઉધોગ નીતિઓ**, **ભવિષ્યના ગુજરાતની કલ્પના** અને **ગુજરાત તરફે લોકોની આશા-આકાંક્ષાઓ**ને એક કર્યા અને તેના ફળસ્વરૂપે **"વાઈબ્રન્ટ ગુજરાત" ની ...શરૂઆત થઈ.**
- ગુજરાતે (દસ) **૧૦ વખત** આ ગ્લોબલ સમિટના આયોજનથી વિશ્વના દેશોમાં આગવું સ્થાન બનાવ્યુ છે.
- પ્રથમ **૦૯ સમિટ**ની વાત કરુ તો, **૨૦૦૩ થી ૨૦૧૯** સુધીના નોંધાયેલ **કુલ ૧,૦૪,૮૭૨ પ્રોજેક્ટ** પૈકી **૭૨,૦૧૮ પૂર્ણ** થયા, **૨૩૩૨ અમલીકરણ** હેઠળ છે. આમ, **સફળતાનો આંક ૭૦.૯૦ %** જેટલો છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- ગુજરાતે **ઔદ્યોગિક ઉત્પાદન, રોજગારી અને નિકાસ ક્ષેત્રે હરણફાળ** ભરી છે.
- દેશના ઉત્પાદનમાં **૧૮ (અઢાર) ટકાથી** વધુનો હિસ્સો ગુજરાત ધરાવે છે. ૨૦૧૬-૧૭ થી સતત **ચોથી વખત** ગુજરાત આ બાબતે ભારતમાં પ્રથમ છે.
- ૨૦૨૧ માં રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા **૮૪.૫ ટકા** પ્લેસમેન્ટ આપ્યું છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માં ગુજરાતે **૨૨ લાખ કરોડ** રૂપિયાની નિકાસ કરી, જે દેશની કુલ નિકાસના **33 ટકા** જેટલી છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- તેના પરિણામે વિશ્વની **૫૦૦ ફોર્ચ્યુન** કંપનીઓ પૈકી **૧૦૦ થી** વધુ કંપનીઓના એકમો ગુજરાતમાં છે.

- આજે ગુજરાત સમગ્ર દેશમાં **જીડીપી ક્ષેત્રે ૮.૨ ટકાનો** હિસ્સો આપે છે.
- દેશની **૧૧ ટકાથી** વધુ ફેક્ટરીઓ ગુજરાતમાં છે.
- ગુજરાત એ **ભારતનું ગ્રોથ એન્જિન** અને **મેન્યુફેક્ચરિંગ હબ** તરીકે સ્થાપિત થયું છે.
- છેલ્લા ૨૦ વર્ષોમાં **૫૫ મિલિયન યુએસ ડોલર** થી વધુ એફ.ડી.આઈ આવ્યુ.
- છેલ્લા ૨૦ વર્ષોમાં થયેલા આર્થિક વિકાસના કારણે ગુજરાતના પ્રતિ વ્યક્તિ વાર્ષિક **આવક ૧૮૩૯૨ (અઢાર હજાર ત્રણસો બાણું) રૂપિયાથી** વધીને **૨,૭૩,૫૫૮ (બે લાખ તોત્તેર પાંચસો અઠ્ઠાવન) રૂપિયા** થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- આ વર્ષે એપ્રિલ-૨૦૨૩ સુધીમાં મોટા પ્રોજેક્ટ સ્થાપવામાં સમગ્ર દેશમાં બીજા ક્રમે ગુજરાત છે. **૬૨ પ્રોજેક્ટમાં કુલ ૩૧,૨૭૯ કરોડના સૂચિત મૂડી રોકાણ** થયા છે. આ માટે આગામી વર્ષ માટે ચાલુ બાબત તરીકે ૮૦૦ કરોડ તથા નવી બાબત તરીકે ૩૪૫ કરોડ જોગવાઈ કરેલ છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- આઝાદીના **અમૃત કાળ દરમિયાન** તાજેતરમાં યોજાયેલી પહેલી અને ગુજરાતની **૧૦ મી વાઇબ્રન્ટ ગુજરાત** સમિટમાં **૦૪ દેશોના રાષ્ટ્ર અધ્યક્ષ**, **૪૦ દેશોના મંત્રીશ્રીઓ, ૧૪૦ થી વધુ દેશોના પ્રતિનિધિ મંડળ** અને ભારતના અનેક ઉદ્યોગપતિઓએ ભાગ લઈ ગુજરાત ઉપર પોતાનો વિશ્વાસ પ્રસ્થાપિત કર્યો છે.
- આ સમિટ એ માત્ર **રોકાણ** માટેની નહીં, પરંતુ **જ્ઞાન -ટેકનોલોજીના આદાનપ્રદાન**, નેટવર્કિંગ, **સામાજિક-આર્થિક વિકાસનું પ્લેટફોર્મ** અને ભવિષ્યના ભારત અને વિશ્વના વિકાસની નવી ક્ષિતિજો ખોલતી સમિટ સાબિત થઈ છે.
- આ સમિટ દરમિયાન રાજ્યના વિવિધ ક્ષેત્રોમાં **૪૫ લાખ કરોડથી** વધુ રકમના **૯૮ હજારથી** વધુ એમ.ઓ.યુ. થયા છે. જે પૈકી **૫૦ % જેટલા એમ.ઓ.યુ. ગ્રીન ગ્રોથ એટલે કે ગ્રીન હાઈડ્રોજન અને રીન્યુએબલ એનર્જીના ક્ષેત્રે** થયા હતા.
- ગુજરાત બતાવેલ માર્ગ ઉપર આજે ભારતના અન્ય રાજ્ય ચાલી રહ્યા છે.

- વાઇબ્રન્ટ ગુજરાતની જેમ સમિટ **અન્ય રાજ્યોમાં યોજાઈ** રહી છે અને તેનો **શ્રેય** આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી સાહેબને જાય છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- આ વર્ષે અમારી સરકારે **"વાઈબ્રન્ટ ગુજરાત – વાઈબ્રન્ટ ડીસ્ટ્રીક્ટ"** હેઠળ **૩૨ જિલ્લાઓ**માં કાર્યક્રમો કર્યા. જે **અંતર્ગત ૨૬૦૦ (છવ્વીસો) થી વધુ એમ.ઓ.યુ. થયા** અને તેની **કુલ રકમ ૪૫૦૦૦ (પિસ્તાલીસ હજાર) કરોડથી** વધુની હતી. તથા **દોઢ લાખથી વધુ નવી** રોજગારીનું સર્જન ગુજરાતમાં થશે.
- આ જ દર્શાવે છે, કે ગુજરાતની જનતાને અમારી સરકાર ઉપર સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- એમ.એસ.એમ.ઈ. ક્ષેત્રે **૧૫.૯૬ લાખ એકમો** ગુજરાતમાં કાર્યરત છે. જેમાં **૯૧ લાખથી** વધુ લોકો **પ્રત્યક્ષ** કે **પરોક્ષ** રીતે **રોજગારી** મેળવી રહ્યા છે.
- આ પૈકી પાત્રતા ધરાવતા એકમો માટે **મિનિ ક્લસ્ટર યોજના**, **પ્લોટ એન્ડ શેડ યોજના**, **માર્કેટ ડેવલપમેન્ટ** હેઠળ મુડી રોકાણ અને વ્યાજ સહાય યોજનાઓ છે.
- આ વખતના બજેટમાં **૧૫૫૦ કરોડ રૂપિયા** એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગોને આત્મ નિર્ભર ગુજરાત હેઠળ પ્રોત્સાહન રૂપે આપવાના આયોજન છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- ગુજરાતનો **યુવાન નોકરી માંગનાર નહીં પરંતુ નોકરી દાતા તરીકે** હવે આગળ આવ્યો છે ત્યારે આપણું આ **રાજ્ય ઈનોવેશન અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે** ખૂબ મહત્વના સ્થાને પહોંચી ગયું છે.
- મને આ ગૃહને જણાવતાં આનંદ છે કે, **તાજેતરમાં જ ગુજરાતને સમગ્ર દેશમાં બેસ્ટ પરફોર્મર સ્ટેટનો એવોર્ડ મળ્યો છે** અને આ એક વખત નહીં સતત ચોથી વખત એવોર્ડ મેળવનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે.
- આ વર્ષે પણ સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા **૧૨૦ કરોડ** રૂપિયા ની ફાળવણી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- યુવાનોમાં રહેલા નવીન વિચારો, ઉર્જા, સ્કિલ અને ઉધોગ સાહસિકતાને યોગ્ય દિશામાં વાળી સંશોધન કરવા તરફનો રસ્તો ગુજરાતે ખોલી આપ્યો છે.
- દેશમાં **સ્ટાર્ટ અપ ઇન્ડિયા** ની શરૂઆત થઈ ત્યારબાદ ભારત આજે વિશ્વમાં **૧ લાખ ૧૭ હજાર** જેટલા માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ અને **૧૧૧ યુનિકોર્ન** સ્ટાર્ટઅપ ધરાવતું સૌથી મોટું હબ બન્યું છે.
- આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની પ્રેરણાથી **૨૦૧૫ માં ગુજરાત રાજ્યએ પોતાની સ્ટાર્ટઅપ પોલિસી જાહેર કરી હતી** અને આવું કરનાર ગુજરાત એ તે સમયે **પ્રથમ રાજ્ય** હતું.
- **ગુજરાતમાં ૨૦૦ થી વધુ રાષ્ટ્રીય કક્ષાના સેન્ટર છે.**
- રાજ્ય સરકારની હાલની નીતિ મુજબ સ્ટાર્ટ અપને **30 લાખ સુધી સીડ ફંડ**
- **ત્રણ લાખ સુધી** એક્સેલરેશન પ્રોગ્રામમાં ભાગ લેવા માટે તથા
- **એક લાખ સુધી સ્કીલ ડેવલોપમેન્ટ** માટે આપવામાં આવે છે.
- સ્ટાર્ટઅપ શરૂ કરનાર વ્યક્તિને દર મહિને **૨૦,૦૦૦ રૂપિયા** અને જો તેમાં પણ કોઈ મહિલા હોય તો તેને **૨૫,૦૦૦ રૂપિયા** એલાઉન્સ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- ગુજરાતમાં શિક્ષણ વિભાગે પણ સ્ટાર્ટઅપ કલ્ચરને પ્રોત્સાહન આપવા વિધાર્થીઓને શાળા-કોલેજથી જ ઉપયોગી થાય તેવી નીતિઓ બનાવીને અમલમાં મૂકી છે.
- તેના કારણે ગુજરાતમાં આજે **૯૨૦૦** થી વધુ માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ છે. તેનાથી **૧,૧૦,૦૦૦ જેટલી** રોજગારી સર્જાઈ છે.
- **આઈ-ક્રિએટ** અને **આઈ- હબ** જેવી સંસ્થાઓ સ્ટાર્ટ અપ ક્ષેત્ર નોંધપાત્ર કામગીરી કરી રહી છે

માનનીય અધ્યક્ષ શ્રી,

- રાજ્યમાં સંશોધન અને વિકાસ જળવાઈ રહે તે માટે **રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર** સ્થાપવા માટે મૂડી રોકાણના **30 ટકાની** સહાય રાજ્ય સરકાર આપે છે.

- તેમાં પણ જો **કોઈ માન્ય ઔદ્યોગિક એસોસીએશન લેબોરેટરી સ્થાપતી હોય તો મૂડી રોકાણના <u>૬૦ ટકાના</u> દરે સહાય** આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોરમાં આવતા ગુજરાતના અગત્યના પ્રોજેક્ટ - **<u>ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશમાં</u>** પણ **<u>૫૩૧ એકર</u>** ઔદ્યોગિક જમીન ફાળવી છે.
- જેમાં **<u>દોઢ લાખથી વધુ કરોડ</u>**નું રોકાણ થશે અને અંદાજે એક લાખ રોજગારી પણ મળશે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- નવસારીના વાંસીબોરસી ખાતે **<u>પી.એમ. મિત્ર પાર્કથી</u>** ટેક્સટાઇલ ક્ષેત્રે,
- ભરૂચના જંબુસર ખાતે **<u>બલ્ક ડ્રગ પાર્કના</u>** કારણે રાસાયણિક ક્ષેત્રે,
- સુરતના ખજોદ ખાતે **<u>ડાયમંડ બુર્સથી</u>** હીરા-ઉદ્યોગ ક્ષેત્રે, તથા
- આ બજેટમાં જાહેર કરેલ **<u>ખોરજ-અમદાવાદ ખાતે સ્પેસ સેક્ટર</u>** માટેના મેન્યુફેક્ચરિંગ હબ કાર્યરત થવાથી ગુજરાતમાં અભૂતપૂર્વ પરિવર્તનો જોવા મળશે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- **<u>ગુજરાત ટેક્સટાઇલ પોલિસી હેઠળ</u>** ટેક્સટાઇલ એકમોને **<u>પાંચ વર્ષ માટે વ્યાજ</u>** અને પાવર ટેરીફ સહાય તથા **<u>આઠ વર્ષ</u>** માટે વેટ /એસજીએસટી કન્સેસન સહાય, એનર્જી કન્ઝર્વેશન, વોટર કંઝર્વેશન, ટેકનોલોજી અપગ્રેડેશન તાલીમ સંસ્થા અને તાલીમાર્થીઓને સહાય તથા **<u>ટેક્સટાઇલ અને એપેરલ પાર્ક સ્થાપિત</u>** કરવા માટેની સહાય રાજ્ય સરકારે પૂરી પાડી છે.
- તેના કારણે ગુજરાતના ટેક્સટાઇલ એકમો ઘણું સારું પ્રદર્શન કરી રહ્યા છે.
- ગુજરાત ટેક્ષ્ટાઈલ નીતિ હેઠળ ચાલુ **<u>વર્ષે ૧૦૦૦ કરોડથી</u>** વધુની સહાય ચૂકવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- ગુજરાત રાજ્યને **સેમીકંડક્ટરનુ હબ** બનાવવા માટે એક અલાયદી પોલીસી બનાવી અને મિશન રૂપે કામ શરૂ કર્યું છે.
- **અમેરિકાની સેમીકન્ડક્ટર** ઉત્પાદન કરતી **માઇક્રોન કંપનીએ** ભારતમાં રોકાણ કરવાની ઈચ્છા દર્શાવી. ત્યારે ગુજરાતે તક ઝડપી લીધી અને **માત્ર છ દિવસમાં** ગુજરાત સરકાર તેને જમીન ફાળવી.
- **૯૦ મા દિવસે તેના પ્લાન્ટનુ** ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.
- અંદાજે **૨૨,૫૦૦ કરોડના** ખર્ચે તૈયાર થનારા આ એકમમાં વર્ષ ૨૦૨૫ થી ઉત્પાદન શરૂ થશે અને તકનીકી ક્ષેત્રે **૫૦૦૦ પ્રત્યક્ષ** અને **૧૫૦૦૦ પરોક્ષ** એમ **કુલ ૨૦,૦૦૦** નવી રોજગારીઓનું સર્જન થશે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- આ વર્ષે નાણામંત્રીશ્રી એ **સાણંદ ખાતે સ્કૂલ ઓફ સેમિકન્ડક્ટર** ની સ્થાપના માટે **33 કરોડ રૂપિયા** ફાળવ્યા છે જેના કારણે ગુજરાતના યુવાનોને સેમિકન્ડક્ટર ક્ષેત્રે સ્કીલ પ્રાપ્ત કરવાનો અવસર મળશે.
- આઈ.ટી. પોલિસીથી ભવિષ્યમાં **આઈ.ટી. ક્ષેત્રે નવી રોજગારીનું** સર્જન અને **નિકાસમાં ક્રાંતિકારી પરિવર્તનો** આવશે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- **દરેક તાલુકે એક જીઆઈડીસી** સ્થાપવાના લક્ષ્ય સાથે માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળ સરકાર કાર્યરત છે.
- હાલના ઉદ્યોગોની જરૂરિયાત મુજબ **૪૨ જેટલા મલ્ટી લેવલ શેડ(પ્લગ એન્ડ પ્લે), ૧૧ જેટલા મહિલા પાર્ક અને એમ.એસ.એમ.ઈ.પાર્ક, ટેક્સટાઇલ પાર્ક, સિરામિક પાર્ક, મેડિકલ ડિવાઇસ પાર્ક, જ્વેલરી પાર્ક, ટોય પાર્ક, સ્ક્રેપ પાર્ક** જેવા નવીન પ્રકલ્પ અમલમાં લાવ્યા છીએ.
- તેમાં ઔદ્યોગિક પ્લોટની સાથે **સ્વાસ્થ્ય**, **શિક્ષણ**, **વાણીજ્યના હેતુઓ** તથા **કોમ્યુનિટી હોલ જેવી આનુસંગિક સુવિધાઓ માટેના પ્લોટ, કોમન યુટીલીટીના પ્લોટ આપવામાં આવે છે.**

**માનનીય અધ્યક્ષ શ્રી,**

- **આ વસાહતો રોડ-રસ્તા, પાણી, ડ્રેનેજ સિસ્ટમ, વીજ કનેક્શન** અને જરૂરિયાત મુજબ સી.ઈ.ટી.પી.ની આંતર-માળખાકીય સુવિધાઓથી સજ્જ હોય છે.
- દહેજ ખાતે **૧૦૦ એમ.એલ.ડી. ડીસેલીનેશન પ્લાન્ટ**થી **દરિયાના પાણીને ઉદ્યોગો માટે વાપરવા યોગ્ય** બનાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે.
- **ઓનલાઈન ફાઈલ ટ્રેકિંગ**, **સમયબદ્ધ કામગીરી**, **વાણીજ્ય પ્લોટોની હરાજી** તથા **ઓનલાઈન-ડ્રો થી પ્લોટોની ફાળવણી** અને **પોલીસીઓનું સરળીકરણ** એ જી.આઈ.ડી.સી. નવી વ્યાખ્યા છે.
- ઉધોગોમા કામ કરતા લોકોને કામના નજીકના સ્થળે રહેવાની સુવિધા આપવા **રાજ્ય સરકારની સહાયથી ડોરમેટરી બનાવવાની** શરૂઆત પણ ગુજરાતે કરી છે.
- તેનાથી શ્રમિકોને ગુણવત્તા સભર રહેઠાણ, ભોજન, સ્વાસ્થ્ય સુવિધાઓ પ્રાપ્ત થાય છે અને તેમની કાર્યક્ષમતામાં ઘણો વધારો થાય છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- કુટીર અને ગ્રામોદ્યોગની વાત કરું તો, **એક જિલ્લો- એક ઉત્પાદન હેઠળ** કારીગરોના સર્વાંગી વિકાસ માટે અમારી સરકાર કટિબદ્ધ છે. **૨૦૨૩ માં સમગ્ર દેશમાં રાજ્યની કેટેગરીમાં ગુજરાતે બીજું સ્થાન** પ્રાપ્ત કર્યુ છે.
- **ઈ-કુટીર પોર્ટલ**, **ઈન્ડેક્ષ્ટ-સી**, **ક્રાફ્ટ બજાર**, **હસ્તકલા સેતુ યોજના** દ્વારા કુટીર ઉદ્યોગને પ્રોત્સાહન આપવામાં આવે છે તથા **માનવ કલ્યાણ યોજના**, **વાજપાઇ બેન્કેબલ યોજનાને** વધુ અસરકારક બનાવવા તથા તેનો વ્યાપ વધારવા માટે અમારી સરકાર સતત પ્રયત્નશીલ છે.
- કોટેજ ઇન્ડસ્ટ્રીઝની પરંપરા ગુજરાતમાં જળવાઈ રહે તે માટે **ઇન્ડેક્સ-સી** દ્વારા કારીગરોને **માર્કેટિંગ પૂરું** પાડીને તેમની આજીવિકામાં વધારો કરે છે.
- ગત વર્ષે રાજ્ય અને રાજ્યની બહાર તેમજ **અમદાવાદ, ભુજ અને બોપલ હસ્તકલા હાટ** ખાતે કુલ **૭૦ મેળાઓમાં ૮૦૦૦** થી વધુ કારીગરોએ ભાગ લઈ **૨૯ કરોડ ૫૯ લાખથી વધુ રૂપિયાની** ચીજ વસ્તુઓનું વેચાણ કરી આજીવિકા પ્રાપ્ત કરી છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- **ગુજરાતમાં એરોસ્પેસ અને ડિફેન્સના** ક્ષેત્રે ઉત્પાદન કરતા એકમોને **જમીન, ટેક્સ, પાવર ટેરીફ અને ઈલેક્ટ્રીક ડ્યુટી** માં પ્રોત્સાહન આપવામાં આવે છે.
- આ ક્ષેત્રે **એમ.એસ.એમ.ઈ. એકમોને કેપિટલ** રોકાણની **કેશ સબસીડી** તથા **વ્યાજ સહાય** પણ રાજ્ય સરકાર આપે છે અને માનનીય અધ્યક્ષ શ્રી, મને એ વાતનો આનંદ છે કે **ગુજરાતના હજીરાના એલ.એન્ડ.ટી પ્લાન્ટ માંથી નિર્માણ થયેલ ટેન્કનું માનનીય વડાપ્રધાનશ્રીએ લોકાર્પણ** કર્યું હતું.

માનનીય અધ્યક્ષ શ્રી,

- ભારતીય સમાજ વ્યવસ્થામાં જે **૧૮ પ્રકારના વ્યવસાયો** કે જેની સેવા વગર કોઈપણ સામાન્ય માનવીનો એક દિવસ પસાર ન થઈ શકે, તેને આવરી લઈ એક નવી યોજના **"પી.એમ.વિશ્વકર્મા યોજના"** આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે જાહેર કરી છે.
- **તેનો મુખ્ય હેતુ સ્થાનિક કારીગરોના** ઉત્પાદન અને સેવાઓને ગુણવત્તામાં સુધારો કરવાનો તથા તેમની મૂલ્ય શૃંખલાઓને સુનિશ્ચિત કરવાનો છે.
- હાલ ગુજરાત રાજ્યમાં આ યોજના હેઠળ તમામ જિલ્લાઓમાં વ્યવસાય **કારીગરોના વેરિફિકેશનની કામગીરી** ચાલુ છે. તે પ્રક્રિયા પૂરી થયા પછી તેમને **તાલીમ** આપવામાં આવશે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- તાજેતરમાં યોજાયેલા વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં **ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રે રૂ. 3 લાખ કરોડથી** વધુના એમ.ઓ.યુ. કરીને રાજ્ય સરકારે રાજ્યમાં પર્યાવરણ હિતકારી અને નવીન ટેકનોલોજીના વિકાસ મોડલને અપનાવ્યું છે.
- આપણા આદરણીય વડાપ્રધાન તરીકે આપેલા લક્ષ્ય મુજબ **૨030 માં** દેશની ઊર્જાની જરૂરિયાતના **૫0% રીન્યુએબલ** એનર્જીના માધ્યમથી મેળવવાનું છે.
- ત્યારે ગુજરાત પણ તેમાં સમગ્ર દેશમાં અગ્રેસર રહે તેવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર પ્રયત્નો છે

માનનીય અધ્યક્ષ શ્રી,

- **માંડલ બેચરાજી ખાસ મૂડીરોકાણ પ્રદેશ** અને તેની આજુબાજુ આવેલી મલ્ટી નેશનલ ઓટોમોબાઇલ કંપનીઓએ **ઈલેક્ટ્રીક વેહિકલ અને બેટરીના ઉત્પાદન** શરૂ કરવાની છે, જેનાથી **સવા લાખ રોજગારી** સર્જાશે. જેનાથી ઉત્તર ગુજરાતના આ ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રે પણ પરિવર્તન આવશે.
- ગુજરાત સમગ્ર દેશમાં **૧૨% થી વધુ** ઈલેકટ્રીક વાહનોનું ઉત્પાદન કરે છે જેને ભવિષ્યમાં વધારી શકાશે

માનનીય અધ્યક્ષ શ્રી,

- ગુજરાત એ પ્રથમ રાજ્ય છે કે, જેણે **૨૦૪૭ સુધીમાં** વિકસિત ગુજરાત બનાવવા માટે **૨૫ વર્ષનું એક વિઝન ડોક્યુમેન્ટ** તૈયાર કર્યું છે. જેમાં નાગરિકોની સમૃદ્ધ જીવન અને સમૃદ્ધ આવક ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.
- આ ઉપરાંત તેમાં પોષણ, શિક્ષણ, આરોગ્ય, ઉદ્યોગ અને આંતરમાળખાકીય સુવિધાઓ બાબતે **૨૦૪૭** સુધીના લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા છે. જે ભવિષ્યમાં ઉત્તમ ગુજરાતની આપણી સૌની કલ્પનાને સાકાર કરશે.

માનનીય અધ્યક્ષ શ્રી

- **૨૦૪૭ સુધીમાં** વડાપ્રધાનશ્રી એ ભારતને **વિકસિત, આત્મ નિર્ભર અને વૈશ્વિક મહાસત્તા** બનાવવાનો સંકલ્પ સમગ્ર દેશવાસીઓ સમક્ષ મુક્યો છે, ત્યારે ગુજરાત પણ તેમાં પોતાનું યોગદાન આપવાનું છે.
- **ગ્રીન હાઈડ્રોજન, ઈલેક્ટ્રીક મોબિલિટી, રીન્યુએબલ એનર્જી, સેમિકન્ડક્ટર** અને **ઇલેક્ટ્રોનિક્સ, એ.આઈ., રોબોટિક્સ, ડ્રોન, થ્રીડી પ્રિન્ટીંગ** જેવા નવા ક્ષેત્રોમાં ગુજરાતે પગલાં ભરવાનું શરૂ કર્યું છે.
- **૧૮ વિભાગોની ૨૦૦ થી વધુ પ્રકારની અરજીઓ** ઓનલાઈન કરવા તથા **૨૦ થી વધુ સેકટર સ્પેસિફિક નિતીઓ** અમલમાં મુકીને ગુજરાતે વ્યાપાર ધંધા કરવાની સરળતામાં ઉત્તમ પ્રદાન કર્યું છે.

માનનીય અધ્યક્ષ શ્રી

- આ તમામ રીતે **ઉદ્યોગોને અનુકૂળ વાતાવરણ** બનાવી ગુજરાતે ઉદ્યોગોને વિકસવાની તક આપી છે, તેની સાથે-સાથે **દરેક યુવાનને એક ઉદ્યોગકાર બનવાની તકો પણ ઉભી કરી** છે. ગુજરાત એ **દરેકને પોતાના સપના પૂરાં કરવાની ભૂમિ** બન્યું છે ત્યારે ગુજરાતના **ઉદ્યોગોને ગતિ આપવા આપ સૌને અપીલ** કરું છું.

***

# ખાણ અને ખનીજ : માંગણી ક્રમાંક : ૫૦

માનનીય અધ્યક્ષ શ્રી,

- ખાણ અને ખનીજ વિભાગની વાત કરું તો, **રાજ્યમાં ૪૨૨ માઈનિંગ લીઝ અને ૭૩૧૩ ક્વોરી લીઝ છે**, ત્યારે **છેલ્લા ૦૨ વર્ષમાં ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર ખનન, સંગ્રહ** અને વહન હેઠળ **૧૮,૭૩૩ કેસો કરી** રૂપિયા **૩૪૨ કરોડથી વધુની વસુલાત** કરવામાં આવેલ છે.
- **ગત વર્ષે ત્રિનેત્ર - ડ્રોન મારફતે સર્વેલન્સ** કરીને **૧૪૦૦ થી વધુ દરોડા** પાડીને **૭૦૦ થી વધુ કેસ પકડી ૧૦૦૦ લાખ**થી વધુ વસુલાત કરી છે.
- છેલ્લા ૦૨ વર્ષમાં **ખનિજક્ષેત્રે રૂ. ૩૮૦૦ કરોડથી વધુની મહેસુલી આવક** કરેલ છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- ખનીજ હેરફેર સાથે સંકળાયેલ **વાહનોને જી.પી.એસ. મારફતે ચોક્કસ સમયે ટ્રેકીંગ** કરી તેની ઉપર નજર રાખી બિનઅધિકૃત પ્રવૃતિ ઉપર અંકુશ રાખવામાં આવે છે.
- ગેરકાયદે ખનન અટકાવવા **એક જિલ્લાની ટીમ બીજા જીલ્લામાં મોકલવાની અને** ચેકીંગ સમયે બનતી **હુમલાઓની ઘટનાને ડામવા શરીર ઉપર કેમેરા** લગાવવામાં આવે છે.
- **લાઈમ સ્ટોન અને બોક્સાઈટ** ખનીજ ક્ષેત્રે **૧૮ બ્લોકોની ઈ-હરાજીના માધ્યમથી** પારદર્શકતાને પ્રાથમિકતા આપી છે.
- રાજ્યમાં કુલ **૧૪ મોબાઈલ પોસ્ટ હાલ કાર્યરત** છે.
- **સ્પેશિયલ કોર્ટ** તથા **ખાસ પેપરોનો ઉપયોગ** કરીને પ્રક્રિયાઓને **ઝડપી અને સુરક્ષીત** બનાવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- રેતી, કંકર અને ગ્રેવલની પરમિટ / ક્વોરી લીઝ ની **જે રોયલ્ટી પ્રાપ્ત થાય છે, તેમાંથી ૫% વહીવટી ચાર્જ કાપીને ૯૫% રકમ જે-તે જિલ્લા પંચાયતને આપી** જે-તે ગામનો વિકાસ કરવામાં આવે છે.

- ખનીજ વાળા વિસ્તારોમાં **ડીસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન (ડી.એમ.એફ.)** રચવાનું કામ **૩૨ જિલ્લાઓમાં** થયું છે. તે હેઠળ રાજ્યના **૨૧૦૦ થી વધુ ગામોને તેમાં પ્રભાવિત ગામોની યાદીમાં** સમાવેશ કર્યા છે.
- હાલમાં જ **કૌશલ્યા-ધ સ્કીલ યુનિર્વસીટી** અને **સાપ્તી** વચ્ચે એમ.ઓ.યુ. કરીને **પથ્થર ઉપર કોતરણી કરવા અંગેના ૦૨ વર્ષના ડીપ્લોમા કોર્ષ** શરૂ કર્યા છે, ભવિષ્યમાં **ડીગ્રી કોર્ષ** પણ શરૂ કરવાનું આયોજન થશે.
- ગુજરાત ખનિજ વિકાસ નિગમે **ગત વર્ષે ૧૫૦૦૦ કરોડ સુધીનું માર્કેટ કેપિટલાઈઝેશન** હાંસલ કરેલ છે અને **નિગમની નેટ વર્થ સપ્ટેમ્બર-૨૦૨૩ સુધીમાં ૫૭૭૯ કરોડ પહોંચેલ** છે.
- ખાણકામની સાથે **પર્યાવરણનું મહત્વ** જળવાઈ રહે તે માટેની કામગીરી નિગમે કરી છે અને તેના કારણે જ **માતાનો મઢ તથા ભાવનગરની લિગ્નાઈટ ખાણોને પર્યાવરણ એવોર્ડ** મળેલ છે.
- આમ, ખાણ અને ખનીજ વિભાગ દ્વારા કરવામાં આવતી **કામગીરીને આગળ વધારવા અને વધુ ઉત્તમ રીતે કાર્યક્ષમ બનાવવા** આ ગૃહના સભ્યોને અપીલ છે.

***

માનનીય અધ્યક્ષ શ્રી,

- હું આપના મારફતે ગૃહના તમામ સભ્યોને જણાવવા માગું છું કે, **"વિકસિત ગુજરાત થી વિકસિત ભારત"** અને **"આત્મનિર્ભર ગુજરાત** થી **આત્મનિર્ભર ભારત"** ના સંકલ્પને પૂરો કરવા માટે આપ સૌ અમારી આ
  **ઉદ્યોગ અને ખાણ વિભાગ**ની **માંગણીઓ ક્રમ – ૪૯ અને ૫૦**,
  **શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ**ની **માંગણી -૫૭** અને
  **મહેસૂલ વિભાગ**ની **માંગણીઓ ક્રમ – ૭૮ અને ૭૯**
  ને સર્વાનુમતે મંજૂરી આપશો અને ભારતને વિશ્વની મહાસત્તા બનાવવા ગુજરાતના યોગદાનને સમર્થન આપશો.

***